**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૨.૫ ડીગ્રી
લઘુતમ : ૧૫.૮ ડીગ્રી
ભેજ
સવારે ૭૫ ટકા ● સાંજે ૩૭ ટકા

# બુધવારે ગુડી પડવો: મરાઠીઓના નવા વર્ષનો પ્રથમ દિવસ

## ગુડી એટલે વિજય ધ્વજ અને પાડવો એટલે ચંદ્રનો પહેલો દિવસ



ગાંધી.તા.૧૯

ચૈત્ર સુદ એકમ એ મરાઠીઓના નવા વર્ષનો પ્રથમ દિવસ છે, જેને ગુડી પડવો તરીકે ઓળખવામાં આવે છે.

આ તહેવાર કે ઉત્સવની ઉજવણી પાછળ પ્રચલિત કથા અનુસાર ભગવાન શ્રીરામ ચૌદ વર્ષનો વનવાસ પૂર્ણ કરી, લંકાપતિ રાવણનો વધ કરી વિજયી થઈ જે દિવસે અયોધ્યા પાછા ફર્યા હતા તે દિવસ ચૈત્ર સુદ એકમ હતો એટલે કે ગુડી પડવો હતો.

ભગવાન શ્રી રામના પરત ફરવાનો આનંદ વ્યક્ત કરવા માટે અયોધ્યાના નગરજનોએ ઘેર ઘેર ગુડી અને તોરણો ઊભાં કર્યાં. તે સમયથી આ તહેવાર દર વર્ષે ઊજવવામાં આવે છે.

ગુડી પડવોને લ્રવર્ષ પ્રતિપદા' તરીકે પણ ઓળખવામાં આવે છે. આ દિવસે નવા સંવતનો પ્રારંભ થાય છે અને નવું પંચાંગ પણ શરૂ થાય છે. શાલિવાહન (શક) સંવતની શરૂઆત જ આ દિવસે થઈ હતી. સામાન્ય રીતે હિંદુઓ કોઈ પણ નવા કાર્યનો પ્રારંભ કરવા માટે શુભ દિવસ જ પસંદ કરે છે. એ દૃષ્ટિએ વર્ષના કેટલાક દિવસો જેમ કે, વસંતપંચમી, અક્ષયતૃતીયા વગેરે વણજોયાં મુહૂર્ત તરીકે જાણીતાં છે. ગુડી પડવાનો દિવસ પણ આવાં મુહૂર્તમાંથી એક છે. આ ઘરમાં રહેવા જવું (ગૃહપ્રવેશ), વાહનની ખરીદી, કીમતી વસ્તુઓની ખરીદી વગેરે માટે ગુડી પડવાનો દિવસ શુભ માનવામાં આવે છે.

અન્ય એક પરંપરા અનુસાર મહારાષ્ટ્રમાં આ દિવસે ઘરના આંગણામાં પાંચ પાંડવોની પ્રતિકૃતિ તૈયાર કરી તેની આસપાસ સુંદર રંગોળી કરવામાં આવે છે. ગામડાંઓમાં ઘરનાં આંગણાં ગાયના છાણથી લીંપીને તેના પર રંગોળી તૈયાર કરાય છે. આ જગ્યાએ ગુડી (લાકડી) ઊભી કરવામાં આવે છે. ગુડીની ષોડ્શોપચારે પૂજા કરવામાં આવે છે. ગુડીને ઘરના આંગણામાં એવી રીતે મૂકવામાં આવે છે કે તેને સરળતાથી જોઈ શકાય. આ ગુડીને રામના સ્વાગત માટે શુભ ધ્વજના પ્રતીક રૂપ ગણવામાં આવે છે. ગુડી ઊભી કર્યા પછી તેના પર હળદર-કંકુ ચડાવવામાં આવે છે.

ઘરના પ્રવેશદ્વાર પર આંબાની ડાળી અને તોરણ લગાવવામાં આવે છે. નવા વર્ષના પંચાંગની પૂજા કરવામાં આવે છે.

નવા વર્ષના આ દિવસની શરૂઆત લીમડાનાં કડવાં પાન ખાઈને કરવાની પ્રથા છે. કડવા લીમડાને આ અરસામાં નવાં પાન ફૂટેલાં હોય છે. તેનાં કુમળાં પાન લઈ તેમાં ગોળ, જીરું, સ્વાદ પૂરતું મીઠું અને લીંબુ નાંખી તેને વાટીને ગોળી બનાવવામાં આવે છે. આયુર્વેદમાં જણાવ્યા પ્રમાણે કડવો લીમડો અત્યંત આરોગ્યપ્રદ અને રોગપ્રતિકારક શક્તિ વધારનાર છે. આ ઊભી કરેલી ગુડીને સંધ્યા સમયે હળદર-કંકુ તથા ચોખા ચડાવીને પછી જ ઉતારવામાં આવે છે. ત્યારબાદ જ્યાં ભગવાન શ્રીરામનું મંદિર હોય ત્યાં હારડાની માળા અર્પણ કરવામાં આવે છે.

આ દિવસથી રામનવમી સુધી રામ મંદિરમાં કીર્તનનો પ્રારંભ થાય છે તથા નાનાં બાળકો પાસે શાળામાં પાટીપૂજન (સરસ્વતી પૂજન) કરાવવામાં આવે છે. પાટી પર ચંદ્ર, સૂર્ય, સરસ્વતીની પ્રતિકૃતિ દોરી પાટીની એટલે કે વિદ્યાની પૂજા કરવામાં આવે છે.

### ગુડી કેવી રીતે બનાવાય છે?

ગુડી બનાવવા માટે એક લાકડીને તેલ લગાવી તેને ચોખ્ખા પાણીથી ધોઈ લેવામાં આવે છે. તેને હળદર-કંકુ ચડાવવામાં આવે છે. ગુડી માટે પિત્તળનો કે ચાંદીનો લોટો, કડવા લીમડાની ડાળી, હારડા, નાનું કાપડ (મોટેભાગે લીલા રંગનું), ફૂલનો હાર વગેરે સામગ્રી લેવામાં આવે છે. લાકડીના એક છેડે નાના રંગીન કપડાને ફિટ બાંધી દેવામાં આવે છે અને ત્યારબાદ તેના પર લોટાને ઊંધો મૂકી દેવામાં આવે છે. આ ઊંધા મૂકેલા લોટામાં કડવા લીમડાની ડાળી લગાવીને હારડાનો હાર પહેરાવવામાં આવે છે. જે રીતે સાડી પહેરાય છે તે જ રીતે લાકડીને સાડી પહેરાવવામાં આવે છે.

## જન્મદિને વધામણી



શ્રીકેત ત્રિવેદી
મો. ૭૦૧૬૯ ૨૫૬૦૩
જોઈન્ટ સેક્રેટરી
ભારતીય છાત્ર પરિષદ



દરજી નિષ્ઠા સચિનભાઈ
મો. ૯૮૨૪૬ ૯૧૬૨૬



રાહી દેસાઈ



રિષિ કડીકર
મો.૯૭૨૭૭ ૫૧૭૫૭



પટેલ યશ કમલેશભાઈ
મો. ૮૮૬૬૦ ૩૮૪૪૪



મારવાડી શક્તિરાજ
શ્રવણકુમાર
મો. ૯૫૭૪૮ ૨૧૦૭૨

## વિશ્વ કવિતા દિવસે ગાંધીનગર સાહિત્યસભા દ્વારા પ્રકૃત્તિગાન કાવ્ય મહેફિલનું આયોજન

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર સાહિત્યસભા દ્વારા વિશ્વ વન દિવસ અને વિશ્વ કવિતા દિવસ અન્વયે ૨૧મી માર્ચે કાવ્ય મહેફિલ દ્વારા ઊજવણી કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. ૨૧મી માર્ચ વિશ્વ વન દિવસ તરીકે ઉજવાય છે. સાથોસાથ આ દિવસ વિશ્વ કવિતા દિવસ તરીકે પણ ઉજવાય છે. આ દિવસને યાદગાર બનાવવા 'પ્રકૃતિગાન' કાવ્ય મહેફિલ દ્વારા કવિઓ એમની રચનાઓ પ્રસ્તુત કરશે. ગાંધીનગર પુનિતવન ઓડિટોરિયમ ખાતે ૨૧ માર્ચ સાંજે છ વાગ્યે આ કાર્યક્રમમાં હાજર રહેવા ગાંધીનગર સાહિત્યસભાના અધ્યક્ષ સંજય થોરાતે સૌ સાહિત્ય પ્રેમીઓને આમંત્રણ આપ્યું છે. આ કાવ્ય મહેફિલમાં કવિ શ્રી હરિકૃષ્ણ પાઠક, કવિ શ્રી કિશોર જિકાદરા, કનૈયાલાલ ભટ્ટ, મુકેશ જોષી, નિરંજન શાહ રીકુ રાઠોડ ' શર્વરી, સંદીપસિંહ ચાવડા પ્રકૃત્તિગાન કરશે જ્યારે કાર્યક્રમનું સંચાલન પ્રતાપસિંહ ડાભી 'હાકલ' દ્વારા કરવામાં આવશે.



## સે-૭/એ વસાહત મંડળ દ્વારા ચકલી માળાનું વિતરણ






ગાંધીનગર, તા.૧૯

વિશ્વ ચકલી દિન નિમિત્તે સેક્ટર ૭એ વસાહત મંડળ દ્વારા ઉત્સાહિ કારોબારી સભ્ય અતુલભાઈ અમીનના સૌજન્યથી ચકલી ઘરનું વિતરણ કરવામાં આવ્યું હતું.જેમાં ૧૦૦ થી વધુ વસાહતી ભાઈ બહેનો અને બાળકોએ તેનો લાભ લીધો અને ચકલી બચાવો અભિયાનમાં જોડાયેલ હતા.

મંડળના પ્રમુખ જશવંત ગાંધીએ અતુલભાઈ અમીનનું પુષ્પગુચ્છ થી સ્વાગત કરીને આભાર વ્યક્ત કર્યો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે પર્યાવરણ પ્રેમી કુસુમબેન સુથાર, ધર્મેન્દ્રભાઈ સુથાર અને દુર્ગા સુથાર એ જહેમત ઉઠાવી હતી. આ પ્રસંગે ગીરાબેન અમીન, મંડળના હોદ્દેદારો સર્વશ્રી પ્રોફેસર અશોકભાઈ પટેલ ભદ્રેશભાઈ શાહ વિપુલભાઈ પટેલ, વિનોદભાઈ રાવલ, મહિલા મંડળના પ્રમુખ જયશ્રીબેન રાવલ, ડો.જગદીશભાઈ પંડ્યા, પ્રોફેસર એકે બિલકીયા, મનોજભાઈ જોષી ઉપસ્થિત રહ્યા હતા.



પેથાપુર કુમાર-૧ શાળામાં ધોરણ ૮ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો હતો. જેમાં શિક્ષકોએ બાળકોની ઉન્નતિ માટે આશીર્વચન આપ્યા હતા.

### જલારામ મહિલા મંડળની વાર્ષિક મીટીંગનું આયોજન

ગાંધીનગર, તા.૧૯

આગામી તા.૨૨ને બુધવારના રોજ જલારામ મહિલા મંડળની વાર્ષિક સાધારણ મીટીંગનું આયોજન જલારામ મંદિર ખાતે કરવામાં આવ્યું છે. મીટીંગનો સમય બપોરે ૨ થી ૫ કલાક છે. સમાજની બહેનોને હાજર રહેવા અનુરોધ કરાયો છે. સભ્ય બહેનોએ સમયસર હાજર રહેવું એમ પ્રમુખ મીતલબેન રાણાએ જણાવ્યું છે.

## ગાંધીનગર સાહિત્ય સેવા સંસ્થાનની મિટિંગ યોજાઈ

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર સાહિત્ય સેવા સંસ્થાન છેલ્લા ત્રણ વર્ષથી ચાલે છે. જે વિશ્વ સ્તર સુધી જાણીતી છે. સંસ્થા ના પૂર્વ પ્રમુખ ડૉ ગુલાબચંદ પટેલની બીજા ત્રણ વર્ષ માટે પ્રમુખ તરીકે સર્વાનુમતે નિમણૂક કરવામાં આવી છે. તદ્ઉપરાંત ટ્રસ્ટના સભ્ય અમૃતભાઈ દેસાઈની સચિવ પદે નિમણૂક કરવામાં આવી છે. આ મિટિંગમાં ટ્રસ્ટના હિસાબો કોષાધ્યક્ષ કાંતિભાઈ પટેલ એડવોકેટ દ્વારા રજૂ કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત ઉપપ્રમુખ દિનેશ સિંહ ચાવડા દ્વારા વિષાદ ચર્ચાઓ કરવામાં આવી હતી અને રાધે શ્યામ યાદવને સહ સચિવ તરીકે ચાલુ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો. કોષાધ્યક્ષ તરીકે કાંતિભાઈ પટેલની ત્રણ વર્ષ માટે નિમણૂક કરવામાં આવી. મહેંદ્રભાઈ ચૌહાણ દ્વારા મંત્રી તરીકે અમૃતભાઈ દેસાઈની નિમણૂક કરવામાં આવે તે માટે દરખાસ્ત કરી હતી જેને ટ્રસ્ટી મંડળ દ્વારા માન્ય રાખી હતી. અંતમાં ડૉ ગુલાબચંદ પટેલ દ્વારા સૌ સભ્યોનો આભાર માન્યો હતો.






ગાંધીનગરના હેલીપેડ ગ્રાઉન્ડ ખાતે તાજતેરમાં યોજાઈ ગયેલી ૪૯મી ડેરી ઉદ્યોગ સમિતમા ટકાઉ પેકેજીંગ સોલ્યુશન કરતી એસઆઈજી દ્વારા પણ પોતાની પ્રોડક્ટની પ્રદર્શની લગાવવામાં આવી છે. જેમાં વિવિધ કદના પેકેજીંગ સોલ્યુશનનો સમાવેશ થાય છે.અલગ અલગ નવ વોલ્યુમો મારફતે ૮૦ એમએલથી ૨૦૦ એમએલ સુધીના પેકેજીંગ પણ એક સાથે થઈ શકે તેવું મશીન ડિસ્પ્લેમાં મૂકવામાં આવ્યું છે. આ મશીન દ્વારા પ્રતિ કલાકે ૨૪,૦૦૦થી વધારે પેકેજીંગ થઈ શકે છે જે આકર્ષણનું કેન્દ્ર રહયું હતું.

### એસ.કે.પટેલ ઈંગ્લીસ મીડીયમ શાળામાં એન્યુઅલ ડે ઉજવાયો

ગાંધીનગર, તા.૧૯

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ.કે.પટેલ ઈગ્લિસ મીડીયમ સ્કુલમાં એન્યુઅલ ડે ઉજવાયો હતો. જેમાં નાના ભુલકાઓએ અલગ અલગ ડાન્સ પરફોર્મન્સ કરીને અનેરો આનંદ વ્યક્ત કર્યો હતો.

**દેહદાન શ્રેષ્ઠદાન**


### ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ.પંડ્યા ચંદ્રકાંત અમથારામ ઉ.વ.૭૮, ગાંધીનગર
- સ્વ.ઠાકોર માયાબેન પ્રહલાદભાઈ ઉ.વ.૨૫, માણેકપુર, માણસા
- સ્વ.શાહ વિમળાબેન નાનજી ઉ.વ.૮૩, ગાંધીનગર

# ઉનાળાના પ્રારંભે જ છાશની ડિમાન્ડ વધી

## મધુર ડેરીમાં ૪૦થી વધી ૬૦ હજાર લિટર અને દૂધ મંડળીમાંથી ૯થી વધી ૧૨ હજાર લિટર છાશનું વેચાણ નોંધાયું




ગાંધીનગર, તા.૧૯

ઉનાળામાં મોટાભાગના લોકો બપોરે છાસ પીવે છે, ઘણા લોકોને છાશ પીવે નહિ ત્યાં સુધી શાંતિ જ થતી નથી અને છાસ ન મળવાથી ભોજન પૂરું થયું હોય તેવું લાગતું જ નથી. છાસ પીવાથી હાશકારો અનુભવાય છે. છાસ પીવાથી શરીરને ઠંડક મળે છે.ત્યારે શહેર માં ઉનાળા ના દિવસો શરૂ થઈ ચૂક્યાં છે અને ગરમી નો અનુભવ પણ થઈ રહ્યો છે. કમોસમી માવઠાથી જનજીવન અસ્તવ્યસ્ત થઈ રહ્યું છે. જો કે તો પણ દિવસે ગરમી નો અનુભવ થઈ રહ્યો છે. શહેર માં ગરમી ના દિવસ શરૂ થતાં ઠંડક આપતી ખાણી પીણી ની માંગ વધી રહી છે જેમાં આજે આપણે વાત કરીશું છાસ ની.બજાર માં છાસ ની માંગ માં વધારો નોંધાયો છે.છાસ સૌથી વધારે કચ્છ માં પીવાય છે.પરંતુ ઉનાળો આવતા દરેક માટે છાસ પીવાનું મહત્વ વધી જતું હોય છે જે લોકો દૈનિક છાસ ન પીતા હોય તે લોકો પણ ઉનાળામાં છાસ પીવાનું શરૂ કરી દેતા હોય છે. ઉનાળામાં છાસ પીવાના ફાયદા પણ અઢળક છે.

છાસ શરીરને ઠંડક પૂરી પાડે છે, એટલે જ તેને ઉનાળામાં લોકો વધારે પસંદ કરે છે. ગરમીમાં છાસને અમૃત સમાન માનવામાં આવે છે, દરેક લોકોએ માખણ કાઢેલી થોડી ખાટીમીઠી થોડી છાસ પીવી જોઈએ. આવી છાસ ત્રિદોષશામક કહેવાય છે.

જે લોકોને કફ થયો હોય તે લોકો માટે છાસ ખૂબ જ ગુણકારી સાબિત થાય છે. તે વ્યક્તિએ ગાયના દૂધની છાશ પીવી જોઈએ, આ ઉપરાંત પેટને લગતા રોગોમાં છાશ ખૂબ ફાયદાકારક માનવામાં આવે છે. છાસમાં વિટામીન બી૧૨, કેલ્શિયમ, પોટેશિયમ, ફોસ્ફરસ, બ્લડ પ્રેશરને કંટ્રોલમાં રાખે છે. છાસ પીવાથી આંતરડાની તકલીફમાં ફાયદો થાય છે. જો છાસમાં મરી, સંચળ, ધાણાજીરૂ, ત્રિલોક મૂળ નાખીને પીવામાં આવે તો તે ખૂબ જ ફાયદો આપે છે. જે વ્યક્તિને ગેસના કારણે છાતીમાં દુખાવો થતો હોય અને પાચન બરાબર ન થતું હોય અને ખાટા ઓડકાર આવતા હોય તે લોકો માટે ખૂબ જ ફાયદાકારક માનવામાં આવે છે. આ ઉપરાંત સવારે નાસ્તામાં અને બપોરના ભોજન પછી છાશ પીવાથી શરીરને ઠંડક મળે છે સાંજના સમયે છાશનું સેવન કરવું નહિ. ઘણી વખત વધારે મસાલા વાળા ખોરાક ખાવાથી શરીરમાં બળતરા અને એસીડીટી થાય તો ભોજન પછી પીવાથી પેટમાં ઠંડક મળે છે. અને શરીરને પૂરતા પ્રમાણમાં પ્રોટીન આપે છે. છાસ વજન ઘટાડવા માટે ખૂબ ફાયદાકારક માનવામાં આવે છે. છાસ પીવાથી જલ્દી ભૂખ લગતી નથી અને પેટ ભરેલું લાગે છે.



### મધુર ડેરી અને દૂધ મંડળીમાં છાસનું વેચાણ વધ્યું

ગાંધીનગરમાં મધુર ડેરી માંથી દૈનિક ૪૦ હજાર લિટર છાસ નું વેચાણ થતું હતું જેમાં ઉનાળા નો પ્રારંભ થતાં ખરીદી વધી છે અને ૪૦ હજાર ને બદલે હવે ૬૦ હજાર લિટર છાસ નું વેચાણ થઈ રહ્યું છે. એટલે કે ૨૦ હજાર લિટર છાસ નું વેચાણ વધુ છે.હજી ખરા ઉનાળા માં આ આંક વધશે તેમ મધુર ડેરીના રોહિતભાઈ મહેતા એ જણાવ્યું હતું.જ્યારે ગાંધીનગર દુધમંડળી માંથી દૈનિક ૯ હજાર લિટર છાસ નું વેચાણ થતું હતું જે હવે ૧૨ હજાર લિટર નોંધાયું છે તેમ નરહરદાન ગઢવી, મેનેજરએ જણાવ્યું હતું.